| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૭/૦૬/૨૦૨૦ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૪૦/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૨૬/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૯૭૦ | ૬૫ | ૯૦૩૫ | ૧૫૦૩૧ | ૬૮ | ૧૫૦૯૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૫૩ | ૨ | ૪૨૫૫ | ૫૭૬૯ | ૨ | ૫૭૭૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૯ | ૦ | ૩૯ | ૨૦૦ | ૦ | ૨૦૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૯૬૧૮ | ૧૮૭ | ૯૮૦૫ | ૧૦૫૩૯ | ૧૬૮ | ૧૦૭૦૭ |
| કુલ | | ૨૨૮૮૦ | ૨૫૪ | ૨૩૧૩૪ | ૩૧૫૩૯ | ૨૩૮ | ૩૧૭૭૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૦૫ | ૭૫,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૯૮૬ | 3,૯૭,૨૦૦/- |

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>નારોલ પોલીસ સ્ટેશન :-</u>**

## <u>નારોલ પો.સ્ટે ભાગ-એ ૧૧૧૯૧૦૬૫૨૦૦૫૦૮ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાના મુખ્ય આરોપીને સી.સી.ટી.વી ફુટેજ આધારે પકડી પાડતી નારોલ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોર્ડ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તેમજ ના.પો.કમિ.શ્રી,ઝોન-૬ સાહેબ તેમજ મ.પો.કમિ.શ્રી " કે " ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના માર્ગદર્શન હેઠળ નારોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલા આરોપીઓની તપાસ કરી ધરપકડ કરવાની આપેલ સુચના માર્ગદર્શન મુજબ નારોલ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ શ્રી જે.એસ.ચોધરી નાઓને સી.સી.ટી.વી ફુટેજ આધારે આરોપી શોધી કાઢવા આપેલ સુચના મુજબ નારોલ પો.સ્ટે ટેકનીકલ સ્કોર્ડની મદદથી લીધેલ સી.સી.ટી.વી ફુટેજ આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.કો અશલમબેગ નશરૂબેગ બ.નં ૫૪૨૩ નાઓએ આરોપી ઓળખી બતાવતા સાથેના પો.કો વિજયસિંહ લાખુભા બ.નં ૬૧૭૯ તથા ધર્મવિજયરાજસિંહ મેધરાજસિંહ બ.નં ૫૯૧૮ તથા ઇન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં ૯૯૫૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે અશલમબેગ નશરૂબેગ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે એક ઇસમ રશીદ ઉર્ફે કલેજી સ/ઓ રફીકભાઇ અંસારી ઉ.વ ૨૧ રહે બ્લોક નં ૦૭ મ.નં ૦૧ સલાટ નગર અનુપમ બ્રિજ પાસે ખોખરા અમદાવાદ શહેર નાને પકડી પ્રસંશનીય કામગીરી કરેલ છે.અને હાલમાં કોરોના વાયરસ (COVID-19) ની મહામારી અનુસંધાને મહે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની માર્ગદર્શીકા મુજબ સદર કામે પકડાયેલ ઇસનો કોરોના રીપોર્ટ કરાવવા તજવીજ હાથ ધરેલ છે.



# આર્મ્સ એકટના ગુના આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :-

**" દેશી બનાવટની પિસ્ટલ નંગ-૧ તથા જીવતા કરતુસો નંગ-૫ મળી કુલ્લે ૭૬,૫૦૦/ રુપિયાના મુદામાલ સાથે એક ઈસમને ઝડપી પાડતી પી.સી.બી."**

મે.પો.કમિ. શ્રી આશીષ ભાટિયા નાઓએ અવાદ શહેરમા ગે.કા.હથિયારો સાથે રાખતા ઈસમોને વોચ કરી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા.૨૭.૦૬.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા તથા સ્ટાફના મસઈ ધનરાજસિહ માનસિહ, અહેકો મહેન્દ્ર વાસુદેવ, અહેકો ભાવેશકુમાર દશરથલાલ, અહેકો અહેકો ચેતનસિહ નટવરસિહ તથા અપોકો કેયુરભાઈ ધીરુભાઈ વિગેરે માણસો સાથે પેટ્રોલીગમાં હતા દરમ્યાન અપોકો કેયુરભાઈ ધીરુભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે શાહેઆલમ ઈસનપુરરોડ ચોકીદાર બાવાની દરગાહ પાસે જાહેર રોડ ઉપર થી ટીવીએસ એકસેસ સ્કુટર નંબર GJ-01-UG-9222 ના ચાલક ને દેશી બનાવટની પિસ્ટલ નંગ-૧ તથા જીવતા કરતુસો નંગ-૫ મળી કુલ્લે ૭૬,૫૦૦/ રુપિયાના મુદામાલ સાથે પક્ડી પાડી તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી ઈસનપુર પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૨૨૨૦૦૮૮૯/૨૦૨૦ આર્મ્સ એક્ટ ૨૫(૧-બી)(એ) તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબનો ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :** (૧) રઈશઆલમ મોહમંદ હાદીક શેખ ઉ.વ.૪૫ રહેવાસી- ઘ.ન.૧૩૩/૫ માધુભાઈ મીલ કંપાઉન્ડ, હંજર સિનેમા પાછળ સરસપુર અમદાવાદ

**વોન્ટેડ આરોપી:** (૧) યાસીન કાણીયો રહે.પુજારીની ચાલી, ગોમતીપુર અમદાવાદ

**ગુનાની જગ્યા :** શાહેઆલમ ઈસનપુરરોડ ચોકીદાર બાવાની દરગાહ પાસે જાહેર રોડ ઉપર

**પકડાયેલ મુદામાલ :** (૧) દેશી બનાવટની પિસ્ટલ નંગ-૦૧ કિંમત રૂ.૨૫૦૦૦/ (૨) દેશી બનાવટની પિસ્ટલનુ ખાલી મેગેજીન નંગ- ૦૧ કિંમત રૂ.૧૦૦૦/ (૩) જીવતા કારતુસો નંગ ૦૫ કિંમત ૫૦૦/ (૪) ટીવીએસ એકસેસ સ્કુટર નંબર GJ-01-UG-9222 કિમંત રૂ.૫૦૦૦૦/





# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સરદારનગર પોલીસ સ્ટેશન :-**

## ચાંદખેડા પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનાના આરોપીઓને મુદ્દામાલ હ્યુન્ડાઇ વરના ગાડી સાથે પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એમ.જી.ઢોડીયા તથા સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના હે.કો. સેજાદખાન કાસમખાન બ ન ૭૯૦૧ તથા લોકરક્ષક રીષભસિગ રામમહેશસિગ બ ન ૭૧૪૧ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " બે ઇસમો જે ચોરી કરેલ સફેદ વરના ગાડી નં- GJ-01-KS.0029 ની સાથે કુબેરનગર માયાસિનેમા તરફથી આવી રાજાવીર સર્કલ થઇ કુબેરનગર રેલ્વે ક્રાંસીગ તરફ જનાર છે " જે બાતમી હકીકત આધારે ચાંદખેડા પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં- ૧૧૧૯૧૦૦૮૨૦૦૬૮૭/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૪૫૪,૪૫૭,૩૮૦,૩૭૯ મુજબના ગુન્હાના બે આરોપી ઓને ચોરીના મુદ્દામાલ સાથે તા-૨૬/૦૬/૨૦૨૦ના કલાક ૨૩/૨૦ વાગે સી.આર.પી.સી.કલમ- ૪૧(૧) ડી મુજબ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

### આરોપી:-

(૧) દિવ્યાંગ ઉર્ફે દિવ્યેશ સા/ઓ બળવંતભાઇ ચંદુભાઇ જાતે રાઠોડ (છારા) ઉ.વ.૨૯ રહે. મ..ડી/૫૦૮ પાંચમો માળ પારંતી ફ્લેટ ઓડાના મકાન વસાણી પાર્ટી પ્લોટની બાજુમાં નિકોલ અમદાવાદ શહેર

(૨) હિતેન્દ્ર ઉર્ફે ટસન સ/ઓ છોટુભાઇ મીઠુભાઇ જાતે સિગોલીયા (મારવાડી) ઉ.વ. ૨૭ રહે- મ.ન.કે/૩૦૨ ત્રીજો માળ પારંતી ફ્લેટ ઓડાના મકાન વસાણી પાર્ટી પ્લોટની બાજુમાં નિકોલ અમદાવાદ શહેર

### મુદ્દામાલ;-

સફેદ કલરની હ્યુન્ડાઇ વરના ગાડી નં- GJ-01-KS.0029 ની જેનો એન્જીન નંબર-D4FBCU131802 તથા ચેચીસ નં-MALCU41ULCM075632 જેની કિ.રૂ. ૩,૫૦,૦૦૦/- ની મત્તાનો

## <u>કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-</u>

(૧) પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ (૨) પોલીસ સબ ઇન્સપેકટર એમ.જી.ઢોડીયા (૩) હે.કો. સેજાદખાન કાસમખાન બ ન ૭૯૦૧ (૪) હે.કો. વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ (૫) હે.કો.રમેશભાઇ રત્નાભાઇ બ.ન.૯૯૩૬ (૬) હે.કો.પ્રદીપસિહ મહીપતસિહ બ ન- ૩૬૧૬ (૭) અ.પો.કો. સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ (૮) પો.કો. શક્તિસિંહ લાલુભા બ.ન.૩૧૨૯ (૯) પો.કો.અનીલભાઇ ઇશ્વરભાઇ બ.ન. ૭૩૦૨ (૧૦) લોકરક્ષક ગોપાલસિંહ દશરથસિંહ બનં-૬૭૧ (૧૧) લોકરક્ષક યુવરાજસિંહ મહીપતસીંહ બનં-૪૫૧ (૧૨) લોકરક્ષક રીષભસિગ રામમહેશસિગ બ ન ૭૧૪૧ વિગેરે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૨૦૪ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૩/૨૦૨૦**

**આનંદનગરઃ** ચન્દ્રીકાબહેન વા/ઓ અશોકભાઇ કવિ (રહે. સુર્યસાગર એપાર્ટમેન્ટ જોધપુરગામ રોડ સેટેલાઈટ) એ તા.૨૬/૦૬/૨૦૨૦ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે એપ્રિલ ૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર ૧૦૦ ફુટ રોડ ટાયટેનીયમ સીટી સેન્ટર બીલ્ડીગમાં પાંચમાં માળે એચ/૫૦૯ “એચ.વી.ઇમિગ્રેશન” નામની ઓફીસ ખાતે આરોપી (૧) પુજાબહેન રાવલ અને (૨) ધીરેન ગૌર નાઓએ ભેગા મળી આઇ.ઇ.એલ.ટી.એસ. વગર કેનેડામાં સો ટકા નોકરી વર્ક પરમીટ અને પી.આર.અપાવાની લોભામણી લાલચ આપી તે અંગેના પેકેજ પેટે રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- નક્કી કરી જે પેટે રૂપિયા ૫,૦૦,૦૦૦/- ચેકથી એડવાન્સ મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.મીર ચલાવે છે.

**કાગડાપીઠઃ** રાઘવભાઈ કૈલાસભાઈ અગ્રવાલ (રહે. અમીતારા બંગલો પંચવટી પાંચ રસ્તા આંબાવાડી) એ તા.૨૬/૦૬/૨૦૨૦ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૦૮ થી ૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન કાગડાપીઠ ન્યુ ક્લોથ માર્કેટ દુકાન નંબર ૧૫૩ જીન્દાલ વર્લ્ડ વાઇડ લીમીટેડ કંપનીની ત્રણ શાખામાંથી આરોપી સંતોષભાઈ તથા તેમના પાર્ટનર અંકુરભાઇ (બંન્ને રહે. સુરધારા બંગ્લોઝ મણીચંદ્રની પાછળ સુરધારા સર્કલની નજીક થલતેજ) નાઓએ ભેગા મળી તેમની અંકુર ક્લોથીંગ પ્રા.લી.તથા અંકુર ફેબના નામે કાપડનો માલ અલગ-અલગ બીલના કુલ રૂપિયા ૪,૪૪,૯૩,૬૪૭/- લઈ જઈ કાપડના માલના નાણાં આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહિલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૪/૨૦૨૦**

**ચાંદખેડાઃ** નિરજ સ/ઓ રાજુભાઈ તાયડે (રહે. શૈલગંગા ટેનામેન્ટ આઈ.પી.સ્કુલની બાજુમા ચાંદખેડા) એ તા.૨૬/૦૬/૨૦૨૦ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/03/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૦૮/03/૨૦૨૦ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, સોનાનુ મંગળસુત્ર પેડલ સાથે કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાની વિંટી કિમત રૂપિયા ૧૨,૦૦૦/-, સોનાની બુટી બે કિમત રૂપિયા ૧૮,૦૦૦/-, સોનાની લક્કી કિમત રૂપિયા ૧૨,૦૦૦/-, ચાંદીના કડા બે કિમત રૂપિયા ૪૦૦૦/-, અને ચાંદીની પાયલ બે કિમત રૂપિયા ૪,૦૦૦/- ચાંદીના અલગ-અલગ સીક્કા કિમત રૂપિયા ૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૫/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ (૧)** નિલમબહેન મયુરભાઇ મિસ્ત્રી (ઉ.વ.૩૨)(રહે. ગોતા વીર સાવરકર હાઈટસ-૧) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૬/૨૦૨૦ સવારના ૧૦/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પટેલ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ (૨)** મનુબેન મહેશભાઇ કોરી (ઉ.વ.૨૧) (રહે. રણછોડનગર રામબાગ ઔડાના મકાન પાસે ચાંદલોડિયા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૬/૨૦૨૦ સાજના ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશન શ્રી “એ” ડિવિઝન ચલાવે છે.

**રાણીપઃ** તા.૨૫/૦૬/૨૦૨૦ રાતના ૧૧/૫૦ વાગ્યા પહેલા સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે પાકા કામના આરોપી રમેશજી હેદુજી ઠાકોર (ઉ.વ.૪૭) (મુળ વતન. ગામ સુલીપુર, ઉફરોવાસ તા- વડનગર જી- મહેસાણા) એ અગમ્ય કારણસર જેલની અંદર આવેલ બે કાપડ સ્ટોરની વચ્ચે પીપળાના ઝાડ ઉપર લટકી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રકુમાર રાજકુમાર ચલાવે છે.

**માધવપુરાઃ** મયંક ઉર્ફે શની પ્રતાપભાઈ આગજા (ઉ.વ.૨૬) (રહે. કાકરી કુઈની ચાલી જ્યુબીલી મીલ સામે બારડોલપુરા રોડ માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૬/૨૦૨૦ કલાક ૧૧/30 વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમા સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર કાંતિલાલ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** (૧) પ્રકાશભાઇ ઉર્ફે પપ્પુ દિનેશભાઇ ટુડીયા (ઉ.વ.૩૦) (રહે.શકિતનગર વિભાગ-૩ નેશનલ હેન્ડલુમની બાજુમાં અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૦ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા જમાલપુર બ્રીજ નીચે ફુલ બજાર તરફ વોકવે નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** (૨) હસમુખભાઇ ઉર્ફે હક્કો ગણપતભાઇ પરમાર (ઉ.વ.૨૭) (રહે.દુધાભાઇની ચાલી ચેપી રોગ હોસ્પીટલ સામે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૬/૨૦ કલાક ૭/૩૦ વાગ્યા પહેલા આંબેડકરબ્રીજ અને જમાલપુર બ્રીજની વચ્ચે રીવરફ્રન્ટ વોક વે ઘાટ નંબર-૧૫ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી